શ્રી નવીન

ચંદ્ર–પ્રભા

ના ગાયન તથા ટુંક સાર

ઓરીજીનલ મુંબઈ નાટક મંડળી.

મુંબઈ.

ધી જ. ન. પીતીત પારસી ઓરફનેજ કૅપટન પ્રિંટિંગ વર્કસ.

સને ૧૯૦૬. સવંત ૧૯૬૨.

કીંમત ત્રણ આના.

ચંદ્ર-પ્રભા નાટકની પ્રવેશવાર હકીકત.

૧—પ્રારંભમાં ઇશ્વર સ્તુતી. સુત્રધાર.

૨—ચિતોડનાં રાણા લાખારાણાની કચેરી નવી રાણી જયાને પુત્ર મોહણી જન્મ્યાનાં શુભ સમાચાર ખુશાલીમાં અરણ્યે શીકારે જવાની ગોઠવણ ભૂપસીહની સાથે જઈ મહારાણા લાખારાણાને કપટથી મારી નાખવાનો સ્વગત વિચાર.

૩—ભુપસીંહ પોતાના મીત્ર તેજસિંહને બોલાવી મહારાજા લાખારાણાનું ખુન તેને હાથે કરવાની ગોઠવણ.

૪—મહારાણા શ્રમથી સુતેલા છે તેજસિહ મહારાણા લાખારાણાને મારવા જાય છે લાખારાણા જાગ્રત થાય છે. ભુપસીંહ તેજસિંહનો ઘાત કરી માહારાણાનો વિશ્વાસુ થઈ બેસે છે બાદ મહારાણા પાસેથી પાટવી કુમાર ચદ્રસીંહને ગાદીએ નહિ બેસાડવા અને મોહળને ગાદીનો રાજ્યાભિશેક કરવાનુ વચન માગી લે છે.

૫—લાખારાણા પોતાનો જીવ બચવાની ખુશાલી અને ચદ્રસિંહને ગાદીએ નહિ બેસાડવાની દીલગીરી ચંદ્રસીંહનું આવવું લાખારાણા ચદ્રસિહને મોકળને રાજ્યાભિષેક કરવાની દીલગીરીથી વાત કરે છે ચદ્રસિહ લાખારાણાને દીલગીરી નહીં કરવાનું સમજાવવુ લાખારાણા ભૂપસિહને પોતાની માદગીની વાત કરે છે. ભુપસીહ પોતાના વઇદરાજને મોકલવાનુ કહે છે.

૬—ચદ્રસીંહના ખાનગી મીત્ર ફુલસિગ ખવાસનું આવવું ચંદ્રસીંહે રાજ્ય ત્યાગ કરવાથી પોતાની મતલબ પાર નહીં પડે તેથી ફુલસીંગની દીલગીરી કરણસીંહનું આવવું રાજ્ય ત્યાગ કરયાના સમાચાર ફુલસીંગ ખવાસ કહે છે ચદ્રસીંહનું આવવું ત્રણ મિત્રો અરસપરસ વાત કરતા કરણસિહ તથા ફુલસીંગ લડે છે. ચદ્રસિહ શાંન્ત કરે છે. ફુલસિગ પોતાની મતલબ પાર પાડવાનાં વિચારથી સાથે જતો નથી અને ભુપસિહની તરફદારી કરવાનો વિચાર ભુપસિહનું આવવું ભુપસિહ પોતાની રાજ્ય પચાવવાની પ્રપચ જાળ ફુલસિગ ખવાસને સમજાવી તેમ કરવા ભોળવી લે છે.

૭—લાખારાણાની મરણ પથારી ભુપસિહના કેવા પરમાણે ફુલસીંગ ખવાસ રાજ વઇદનો વેશ ધારણ કરી મહારાજાને ઝેર દઇ મારી નાખે છે.

૮—ફુલસીંગ ખવાસને તેની સ્ત્રી પરસ્પર નીમકહલાલી વીશે તકરાર.
૯—ચંદ્રસીંહ પોતાના પીતાના મરણ પછી રાજ્ય કારોબારનો વિચાર કરે છે તેવામાં ભુપસીંહ તથા બાળ કુમાર મોકળનું આવવું અરસપરસ મોકળને રાજગાદી સોપવી તે વીષે વાતચીત કરી મોકળને ગાદી આપવાનું ચંદ્રસીંહ નક્કી કરે છે.
૧૦—રાણી જયા પોતાના પતિના મરણથી અફસોસ કરે છે તેવામાં ભાઇ ભુપસીંહ તથા કુમાર મોકળનું આવવું મોકળને ગાદી સોંપવાની વાત કરે છે ભોળી જયાને ચંદ્રસિંહ વિશેના ખોટા તરકો વીતરકોથી ઉસ્કેરી ચંદ્રસિંહને દેશ નીકાલ કરાવે છે.
૧૧—ચંદ્રસીંહ તથા તેનો સાચો મીત્ર કરણસીંહ દેશનીકાલની વાત ચીત કરે છે પાછળથી ફુલસીંહ ખવાસનું આવવું તે આગળ ભુપસીંહનાં સમજાવ્યા પ્રમાણે ચંદ્રસીંહની સાથે જવું નકી કરે કરે છે.
૧૨—મોકળને ગાદી નહી બેસાડતા પોતે ભુપસીંહ બેસે છે. તેમાં જુના પ્રધાન સામંતો વીગેરેને બરતરફ કરે છે.
૧૩—મોકળને ગાદી બેસારયા હશે એમ ધારી મનને આનંદ માને છે તેવામાં ભુપસીંહનું આવવુ ભુપસીંહનું એકદમ બદલાઇ જઇ પોતાની બહેન જયા તથા બાળ કુમાર મોકળને ગરદન મારવાનો હુકમ.

અંક બીજો.

૧—દીલ્હીનો શાહ મહમદશાહની કચેરી ચીતોડ પર ચઢાઇ કરવાની વાતચીત.
૨—ચંદ્રસીંહ કરણસીંહ તથા ફુલસીંગ ત્રણેનું આવવું ચંદ્રસીંહને ત્રષા લાગવાથી કરણસીંહને પાણી લાવવાનું કહે છે તેટલામાં ફુલસીંગ વખત જોઇ લોટામાં ઝેરનું પડીકુ નાંખી દે છે કરણસીંહ લોટો તપારયા સિવાય પાણી ભરવા જાય છે તેટલામાં ફુલસીંગ કરણસીંહ વીશેના ખોટા કાન ભભેરી કરણસીંહને લોટામા ઝેર નાખ્યુ તેમ ઠરાવી કરણસીંહને દુર કરાવે છે.
૩—મારાઓને દયા આવવાથી જયાને તથા મોકળને જીવતાં છોડી મુકેલાં તે ફરતા ફરતા તે જંગલમાં આવી ચડે છે ત્યાથી ભીલો જયાને ઉપાડી જાય છે.
૪—ભુપસીંહ શાહનો કાગળ આવવાથી વીચાર કરે છે તેવામાં દરબાન બાદશાહ લશ્કર ચઢી આવ્યાનાં સમાચાર કહે છે ભુપસીંહ કીલ્લો બંધ કરી અંદર ભરાઇ રહેવાનો હુકમ કરે છે

૫—બાદશાહી લશ્કર કીલ્લો તોડી શહેરમાં દાખલ થઈ ભુપસીંહને પકડે છે.

૬—ભુપસીંહ વીજય નગરના રાજા વીજયસીંહની કુંવરી (પાછળથી ચંદ્રસીંહની સ્ત્રી) ને લાવી આપવાની શરત કબુલ કરી છુટે છે.

૭—ગણીકાને ત્યાં જયાને તીલ લોકો વેચિ જાય છે ત્યાં જયાની ઉપર પ્રધાન પુત્રની કુદ્રષ્ટી,

૮—વીજયસીંહની કુંવરી પ્રભાનો ખાનગી બગીચામાં સખીઓ સાથે હાસ્ય વીનોદ પાછલથી ભુપસીંહ આવી પ્રભાને ઉપાડી જાય છે.

૯—ચંદ્રસીંહ તથા ફુલસીંગ ખવાસ પાછળથી પ્રભાનો પોકાર બાદ ચંદ્રસીંહ તથા ફુલસીંગનુ પ્રભાની વારે જવુ.

૧૦—ચંદ્રસીંહ મુગલ સીપાઇઓને મારી હઠાવે છે ફુલસીંગ ખવાસનું સટકી જવું બાદ પ્રભા તથા ચંદ્રસીંહનુ સાથે જવું.

૧૧—રસ્તા ઉપર વાણીયાની દુકાન ત્યા ફુલસીંગ ખવાસને વાણીયાની પ્રીતી થતી વાણીયાણુ પોતાને ઘેર લઇ જાય છે.

૧૨—વાણીયાણુ તથા ખવાસ બને ભેગા બેસી જમી રહયા બાદ વાણીયાનુ આવવું ફુલસીંગ સાજે જમવા આવીશ કહી ચાલ્યા જવું.

૧૩—પ્રભા તથા ચંદ્રસીંહ પાછળથી યવનોનુ લશકર આવવાથી ચંદ્રસીંહ એકદમ લડવા ઉતરી પડે છે. ચંદ્રસીંહને તથા પ્રભાને જીવતા પકડવાને માટે લશકર ખીણોમાં ભરાઇ જાય છે તેટલામા પાછળથી ભુપસીંહ આવી ચંદ્રસીંહને ઘાયલ કરે છે તેવામા કરણસીંહ આવી ભુપસીંહને મારી નાખી મીત્ર આગળ વિલાપ કરે છે પાછળથી સીપાઇઓ આવી કરણસીંહ તથા પ્રભાને કેદ પકડી લઇ જાય છે.

અંક ત્રીજો.

૧—બાદશાહ કરણસીંહને જેલમાં મોકલાવે છે પ્રભા ઉપર બળાત્કાર પ્રભા બાદશાહને ધીકારી કાઢે છે.

૨—જેલ તોડી પહેરગીરોને મારી પ્રભાને લઇ કરણસીંહ ફકીર વેશમા નાસે છે.

૩—વિજયસીંહ પોતાની કુવરી ગુમ થયાનો વિલાપ કરે છે તેવામાં કુવરીની શોધે ગયેલું લશ્કર ચંદ્રસીંહને સાથે લઇ આવે છે પ્રભાને બાદશાહના સીપાઇઓ લઇ ગયાના સમાચાર કહે છે બાદ ચંદ્રસીંહ લશ્કર લઇ પ્રભાને છોડાવવા જાય છે.

૪—લુટારાઓ પોતાની દેવીને ભોગ આપવા સારૂ જંગલમાં અથડાતા. મોકળને ઉપાડિ જાય છે.

૫—ચંદ્રસીંહ છાવણીમાં પ્રભા વીષેના વિચારો કરે છે તેવામાં કરણ- સિંહ તથા પ્રભા ફકીર વેશમાં આવે છે કરણસિંહ પોતાના મીત્રને ઓળખી જવાથી પાસેના તગાવ પર જાય છે બાદ ચંદ્રસીંહ તથા પ્રભા આરસપરસ વાતચીત કરતા આગળ જે જે શાસ્ત્ર સંબંધી વાત થયલી તે વાત મળી આવવાથી પ્રભા તથા ચંદ્રસીંહ વીજયનગર જાય છે ને કરણસીંહ મોકળની તથા જયાની શોધે જાય છે.

૬—મોકળને ઉપાડી ગયેલા લુટારાઓની દેવી આગળ મારવા લાવે છે. તેવામા કરણસીંહ આવી તેને છોડાવી લઈ જાય છે.

૭—ભગા શેઠનો રમુજી ફારસ શેઠાણીનું મુરતીને લઇ નાસવું.

૮—જયા ઉપર પ્રધાન પુત્રનો જુલમ આખર પ્રધાન પુત્ર સુતેલો હોય છે તેને રણમલ્લ નામે ક્ષત્રી મારી નાખે છે તે આરોપ જયાની ઉપર આવવાથી તેને કચેરીમા પકડી લાવે છે.

૯—કચેરીમાં ઇનસાફ ચંદ્રસીંહ મોકળ જયા વીગેરેનો મેળાપ પોતાનાં રાજ્ય માટે લડાઇની તૈયારી કરી જવુ.

૧૦—વાણીયાનુ પોગળ ભગા શેઠ આગળ ખુલ્લુ થાવુ ભગા શેઠ વાણીયણનું નાક કાપી લઇ કાઢી મુકે છે.

૧૧—બાદશાહ સામે લડાઇકરી પોતાનુ રાજ્ય મેળવે છે.

૧૨—કચેરી મોકળને રાજ્યભીશેક કરે છે છેવટ ખુશીપ્રસંગે ઇશ્વર સ્તુતી.

છેવટનો આનંદ.

શ્રી નવીન.

ચંદ્ર-પ્રભા.

ગાયન—૧.

સુત્રધાર—ગાઉં આજે આનંદે જીનંદ ગુણ હરખે.
જનમ સફળ આ આશા આ આ વદે—ગાઉં.
શાન્તિ દાતા શાન્તિ નાથ કૃપા કરો ધરો હાથ
સ્તવન નમનથી દીન જન વંદે—ગાઉં.
પાપ તુ અમાપ કાપ તાપ ત્રીવીધ ટાળી નાખ
નવીન નાથ શ્રી નીવાસ વાસ વાસ પુરો આસ.

ગાયન—૨.

નટી—ગુર્જર ગુણ જ્ઞાન ભરી વીસરી
ગીર વાંણુ સખી સમ પ્યારી
ગુણ હીણ અતીશય દીન બની
કરતા ખળ વ્યર્થ લવારી
ભુષણ રસ શુભ દેનારી
દેવીસમ અતી સુખ કારી
એ રમ્યબાગ અનુરાગ વતી
શું મને ખીલી મન હારી—ગુર્જર.
ભોગી અલી સ્વાદ લીએ કલીએ
મુઢને મન માંહી નકારી
અમૃત ફળ સુરત રૂધારી વાંનરને શું હીતકારી
જે સર્જન તનમન મગ્ન તગ્ન તે જાણે ખુબી ન્યારી.

ગાયન—૩.

નટી—દુનીયાંના રંગ કાંઇ ન્યારા
સમજાયુ હવે જ્યાં ત્યાં જુઠ પ્રપંચ—રંગ.
નાટક જેવી રંગ ભુમીપર કરતા વીધ વીધ રંગ
સુત્રધાર સમ શ્રી નટ નાગર હર્ષ શોક ઉમંગ
પાપી પાપ કરી બહુ સુખ માણે વૈભવરાજ અનંત
પુન્યવાન પગ ઘસતા હીંડતા દેખ્યા દુરબળ ઢંગ
ન્યાય અન્યાય નીતી નવ નીરખે ન્યારી જગત નીયંત
રાહુ ચંદ્ર શીર શ્રેષ્ટ થાય પણ પરમ પુજ્ય શ્રી ચંદ્ર—રંગ.

ગાયન—૪.

વારંગનાઓ દરબારીયો } જયે જયે મહારાજ રાજન સીરતાજ બિરાજ
આ આ આ સર્વ સાજજસ ગાયે ખુશ થાયે
જગ પ્યારી નીતી સારી નરનારી સુખકારી—જય.
દીન જન તન દુઃખ હારી દુરજન મન ભયંકારી
શક્તિ સારી.
નમ્યેવાર લાખો પ્રભુ સતત પ્રેમ દાખો અરજ ધારી આ-
આ આ—જયે જયે.

ગાયન—૫.

નૃપ જગ જસ ગાઓ સઉ બેની
નાચો તન ન ન નન ઘુમ રી જાવો—જસ ગાઓ.
જાઓ ગાવો મોતીડે વધાવો
છ ન ન ન છુમ તા થેઇ
છુમ છુમ છુમ છુમ રસવેલી—જસ ગાઓ.
જસનાં બંકા વાજી વાજી જયે જયે જયે
જયે જયે જયે ધન્ય ધ્યાન ધન્ય
ધ્યાન—છુમ છુમ છુમ છુમ રસવેલી જસ ગાઓ સઉ બેની.

ગાયન—૬.

રુપસીંહ—નીજ નૃપતી કરૂં હું કળ થકી ઠાર હું
ત્યારે સુખ માનું હું (૨)
છળબળે કરૂ હું ખુવાર—નીજ નૃપતી.
લડાવી રડાવી લાવુ મારો માંહી હાથ
રીબાવી ફસાવી મારૂં કપટથી ઘાવ
સર્વને હણી કરી ફરૂ અતી સુખમાંય
છળબળે કરૂ હું ખુવાર—નીજ નૃપતી.

ગાયન—૭.

ધન્ય ધન્ય વીરરાજવી સત્યવાદી રઘુરામ
પુત્ર મોકળ યુવરાજ થઇ કરે રાજ્યનું કામ.

ગાયન—૮.

રુપસીંહ—હા ફતેહ ફતેહની ધુમ મચાવું
હું જંગ જમાવુ બસ હા હા હા
બીછાવુ પુરી જાળ ફસાવું રાજા હાલ

લાવું બાળનો કાળ હા હા હા
જુપ બનીઠણી મસ્ત હું બની
થઇ સરસ સરદાર ધરી તલવાર હુકમ ફરમાઉં
આ લાવે તે લાવે નહીં જાઓ અહીં આવે
નહીં જાવા શું કરો જાઓ જાઓ જાઓ—હા

ગાયન—૯.

ચંદ્રસીંહ—આજ્ઞા હું શીરપર ચડાવું
શીરપર ચડાવું તનમનથી બજાવું—આજ્ઞા.
માતપીતા ગુરૂ વૃધ વડીલની સેવાથી સુખ પાવું
રાજ તાજ તજી કહે તો રામસમ વન જઇ અલક
જગાવું—આજ્ઞા.
તાત ટેકથી કુંવર કેલૈએ નીજ તન માંસ બનાવ્યું
ભોજન દઇ ભગવાન રીઝાવ્યા નામ અવીચળ કહાવ્યું—
આજ્ઞા.

ગાયન—૧૦.

ચંદ્રસીંહ—સુણ મીત્ર થયો આજ મને અધીક મન ઉમંગ
મમ તુચ્છ જીવન સફળ કરયું જાણી આ પ્રસંગ
તાતતણા ટેક કાજે તજી ધરીને ધામ
રાજવૈભવ સરે તજી પામ્યો હું વીરામ
છે તુચ્છ વીશય સુખ સદાય પ્રથમ સુખ કાર
અંતમાં અંધારી રાત સઉની આવનાર
જગ બગીચે પુષ્પ ખીલ્યાં અધીક ખુશબોદાર
મીત્ર તજ મોટાઇ ખીલ્યાં સહુ ખરી જનાર.

ગાયન—૧૧.

કુલસીંહ } તજો ગુમાન અરે સતવાન ધરો કાંઇ શાંન ધરો કાંઇ માન
ખવાસ. } થશો હેરાન થશો બદનામ ધરો કંઇ શાંન ધરો કાંઇ માન
સાચુ બોલી બેઠા બોળી માતપીતાનું સઘળું નામ
જુઠે ચાલુ કેવો માહલુ જાણે હાથી હું મસ્તાન—તજો.

ગાયન—૧૨.

કુલસીંહ } બસ હું બન્યો છું ફાંકડો જુઓ
ખવાસ. } છત્રપતિ ઓછલી હાંહાંહાંજી હાંહાં
આડો છે મુછનો આંકડો રહીશું
રંગતમાં રેલી વાવાવાજી વાવા

આ ઠોકર એક ઠમકાવશું તો
મળશે રૂપીઆ થેલી હાંહાહાંજી હાહાં
શુ પદમણી પરણી લાવશુ ને
બનાવશું હવેલી વાવાવાજી વાવા
બડુ બાડીઘોડા હાંકશુ ને
થઇશું સુંદર શેલો હાંહાહાંજી હાહાં
ચાકરપર ચાબુક દાબશું ને
ફક્કડ બનશુ ફેલી વાવાવાજી વાવા
નીત નાયકાઓ નચાવશુ
ગાનતાને રહીશું ખેલા હાંહાહાંજી હાહા
ચતુરાઇ રીત ચલાવશું
મોજે કરશુ મનમેલી વાવાવાજી વાવા
કરોડોપતી કહાવી કરશુ કોકાજે અકેલી—હાંહાહાંજી હાહાં
નવકાને કોઇનું લાવશુ આની થામે હેલી વાવાવાજી વાવા.

ગાયન—૧૩

ફુલસીંહ } આહા વૈદ્રાજ હું મોટો માહારાજ
ખવાસ. } મથો જાણી ગોળી આણી માગે પાણી ના
જાણું રોગનો સારો ઈલાજ—આહા
ખાંસો ખુજલી તેલો આંબલી વાયુ શરદી
તેપર ખાડપી દાદાર ગરમા ગરચા રાઇની
ઓષધી કરવી નાડી ધરવી આલુ ગોળી
કરીને બોલી જપુર જોળી જાય
છુટે સંસાર વીકારવી સદાય—આહા

ગાયન—૧૪.

બધા—હાએ કાળ યોધ આહા કાળ ભક્ષ થાય રામ
ચૈતન્ય રૂપ જાતાં તન રામ છે નકાંમ.
સુખ સ્વપ્ને સેજ થાતા
કોણ છે રંક રાય રામ.

ગાયન—૧૫.

ફુલસીંહ } વાહ વાહ શાંણી સીતા તારૂ રૂપ—વાહ.
ખવાસ } મને તુ કેવો માન ફુલસીંહ રૂપાળું નામ
ડાબી ડોબાશી વામ શીખાવે કામ—વાહ.

ખવાસણ—રૂપે બાવળ સુકો આવળ ચીનાઇ બીલ્લો એવો વીરગો
મરજો માત ટળજો તાત આએ વાત એળે જાય.

કુલસીંહ } રાંડ જાત મારી સાથ કરે વાત મારૂં લાત
ખવાસ } ચડપ ચડપ કરૂ હડપ રહેતુ ચુપ—વાહ

ખવાસેણુ—પીટયો મારો માર મારી ગભરાવેરે
ખોયો આરો ભર મોત ન કેમ આવેરે
મુવો મુજને રોજ ખીજાવે ચીડાવેને
જાત લજાવે ડોળા કાઢીને બકું મારે સડાસડ રાંડ
મર—પીટયો મારો

ગાયનં—૧૬.

કુલસીંહ } રાંડ મરે તો માંડવો મેલુ લાવુ બીજી ચાર સારી પદમણી
ખવાસ } રમુ જમુ રોજ મોજશોખમા—ભાઇ ભાઈ
ગાઉ નાચુ ગુલતાન બનુ હું—રાંડ મરે.
રૂપે રંગે કામ નામ નોખમા ભાઇ ભાઇ
ખાઉં ખેલું ગુણવાન બનું હું—રાંડ મરે.

ગાયન—૧૭.

જયા—ઓહો દૈવ્ય દશા આ મારી શી થઇરે
શી થઇ આ ગતી કર્મની રે—ઓહો
સુખ દુ ખ જગત પરે આ તન જાણ્યુ
ખીલ્યુ ધડાયુ જશે ખરીરે—ઓહો.
સ્વામી સ્વર્ગમા હુ અહિ વીયોગી સુતનું શું રે થયુ
દીન દીન દીનાનાથ પીડે બહુ શોક રહ્યુંય રહ્યુ
જીવ વીણુ કાયા મારી આ રહી—ઓહો.

ગાયન—૧૮.

ચંદ્રસીંહ—જનુની તુ જનુંની બની દેતા અંગ કલંક.
ડસ નાગણી નાગણી જાવું વનની સંગ
માતા આ તારા અરે શબ્દો કે પાષાણુ
કે તું વાંગે વીધાયના રાજય કરે સમશાંન
ભકે શું વાચાર કરી વીનાશે મતીજ ફરી
રહેશે નવ લેશ હરી તું* ક પ્રજા શાન્તી ધરી
થયા જેવા હાલ મારા તેમ માંનજો તમારા
અરે કંગાલ ક્રુર કોણુ જેણે કાંન ભર્યા
હશે પ્રપંચી પાપીએ મળીને તર્ક ધાર્યા
અંન્તે સત્ય મેવ જયતી છે માયા પ્રણામ મારા

ગાયન—૧૯.

પ્રધાન
સેનાપતી } ધીક ધીક રે ચંડાળ શરમ છે ધીક તુને

ભુપસીંહ—જારે જારે ઓ કંગાલ નાદાન ધારે શું મને

પ્રધાન
સેનાપતી } નીમકહરામી કામી લંપટ લબાડ ધીક
કપટી કુટીલ ક્રુર કરમ ચંડાળ નીચ

જયા—શાન્તી ધારો (૨)
શાણા શુરવીર સમય વીચારી
દાના દીલ માંહી રહો દયા ધારી
છોડો મનથી કુમતી અવીચારી સાહસ તજો
ધીરવીર વીવેકી રાજરત્ન ધીર

ભુપસીંહ—જાઓ જાઓ શું મને સમજાઓ

પ્રધાન
સેનાપતી } પાપી નહિ ફાવે તારો દાવ

ભુપસીંહ—જાઓ જાઓ બસ જાઓ જાઓ.

ગાયન—૨૦.

જયા—મન રાજ તરંગે મધન બનું આજે સુખનો ઉગ્યો ભાણ
ચીત ચંચળ હરખે પુત્ર મોહળ જોઇ આવે તે સુજાણ
ધન્ય ઘડી આજે સુખની મને ભાઇની આંસુની
કરી મુને ભાગ્યવાંન—મન.
ખટપટ કરી ચંદ્ર કર્યો દેશ પાર
ભાઇ ભુપસીંહનો માનું મોટો ઉપકાર
ભાગ્યમાં રાજના પામી હરી હવે માંન—મન.

ગાયન—૨૧.

જયા—ધીક્કાર છે ફીટકાર બેન લાચાર કરી આવાર
કરું કાંમ કીધું આમ મુખ સ્યાંમ ધરી હામ—ધીક્કાર.
કંસવાસ કીધી દેવકીને નંદરાય તું
પાપી શું પ્રપંચે ફાવી કીધા આવા હાલ શું
ભરમાવીને ભોળી બેનને નષ્ટ દુષ્ટ તું ફાવ્યો
તાતકુળ અંગાર ભાઇ તું શીદ માતા કુખ આવ્યો
ઝટસે હટસે પટસે છટસે પાપી—ધીક્કાર.

ગાયન—૨૨.

ભુપસીંહ—હણીને નૃપતીને બનીને ઠનીને
માહારાજ હું આ મોટા સ્થળનો
ફરતાં ફરતાં રમતાં જમતાં કરૂં ગર્વ હું બળનો
કંપે ભુમી થરરરરરર. મારૂં સૌને સરરરરરર
કબને લપક કબને થપક ખાં છું હું અક્કલનો—હણી.

અંક બીજો.

ગાયન—૨૩.

સાહેલીઓ—રે શાહમાની ખાધ સારી માગે દુઆ નર ઓર નારી.
કાયમકી ફીરતારી તેરી જહાં મેં પસારી સારી—રે શાહ.
આલમકી સરદારી તોપે લાગે સારી ગમખ્વારી
ઇજત ન્યારી કુરમત પ્યારી જાય વારી દીલદારી
હરદમ પ્યારી અયે સરદારી મુખ તારી માની
જસફીદારી જાયે વારી સાયા રખકી હવે સારી—રે શાહ.

ગાયન—૨૪.

અંદ્રસીંહ—ધીક ધીક ધીક રે મીત્ર તું
નાદાન અરે બેઇમાન—ધીક ધીક.
રસાય પુર્ણ તુજ વિષયથી ભરીયું
મુખ આગળ અમૃત રસ ધરીયું
મીત્રાઇ તારી જોઇ વીચારી પડી પીછાન તું છે નાદાન
પુરો શેતાન—ધીક ધીક

ગાયન—૨૫.

મોહની—ક્યાં તુ માતા રે તજી આ બાળ રહી
અરે રે હરી વનવંન ફરી ફરી કેસરી
સ્વરથી ડરી ભયથી ડરી મરૂં તરફડી—ક્યાં તું.
બાળ વીયોગી ગવરી ઝુરી મરતી
હરીણુ દવે વન કાય દહી—અરે રે.

ગાયન—૨૬.

ભુપસીંહ—હાએ ફસાયો હું કરમે કરી પાપથી પેટ ભરી—હાય
ક્રુર મનનુ મારા માણુ તો બેશી ઝુરીશ ક્યાંય હરી—હાય

એન દયાળુ બાણેજ મારી રહ્યો નહિ પળકે ઠરી—હાય.
જીવ્યો હું ઉત્તમ જાત મહિસે ખોટાં કૃત્ય કરી—હાય.
હાએ કરમનું ફળ પુર્ણું પામ્યો આશન તોયે ઠરી—હાય.

ગાયન—૨૭.

નાયકા—કયસે જાવુ સખી મય પનીઆ ભરન--કયસે.
રોકત ટોકત નંદકો નંદન મદનમોહન ઠાન—કયસે.
જાઓ સખી સમજાઓ મોહનકો નાં ટોકો.
કયુ ટોકો દેખેગી સાસ મોરી લે લેગી પ્રાંણુ—કયસે.

ગાયન—૨૮.

નાયકા—એસી બાલમ તેરી પ્રીત મેરે લાલા એસી બાલમ.
મે કયા જાનુ સાજન મનકી ઓરસે દીનો ચીત—મેરે
સેજ એકલી ત્યાગી મે છેલા કીની સોહગસે અનીત—મેરે.
જાઓજી પ્રીતમ હમકો ન છેડો એ કયા પ્રીતીકી રીત—મેરે.

ગાયન—૨૯.

જયસુર—છટેલા છકેલા હડી જા નાદાન પાપી ત્યાં ફસાની જશે શુ તું ફાટી
ચાલાકી ચલાવી અરે ઓ હેવાન રહે દુર ન્માસુર ચંડાળ તુ ક્રુર
દુઃખીને દુબીને દેખાડે તુ શુર અમૃત ઝેરનો કયાય સમુદાય
ગાય ગધેડાથી કેમ રીઝાય, કેતકી બાવળથી શું વીંટાય
અધાજે વીચારી ફરી આશ તારી બનીયે ન ધારી અરે ઓ
હેવાન—છટેલા.

ગાયન—૩૦.

પ્રભા તથા } આવો આવોને સૌ ઉમંગે.
સખીઓ. } પ્રીતે પ્રીતેથી સહીયર સંગે.
ખીલતી ઉમરે એની મોજ માણીએ.
ચાળા નવીન કરતા ચાલીએ—આવો.
આવો ફરીને અવસરના વેભજોને સખી ભગવંતી ભાવે
ભવાની પુરે કોડ ઉમંગે—આવો.

ગાયન—૩૧.

સખીઓ—અરે વાહ મરડ મટકાંવાળી જોઇ જોઇ લટક તારી લટકાળી
પ્રભા—જાઓ જાઓ મને શું ભોળીભાળી.
હશી હશી રહી છુ મારૂ મન વાળી.
સખીઓ—અલીઓ થોડાબોલી શું શરમએરે
મદમા ચળેલી નારી અમને બાનાવેરે
મદનના મદમા તુ છકીરે.

પ્રભા—મારીશ તુંને જે વધુ બકીરે.
સખીઓ—અરે વાહ.
પ્રભા—જાઓ જાઓ.
સખીઓ—ઓય ઓય—અરે વાહ.

ગાયન—૩૨.

પ્રભા તથા સખીઓ—

ખીની બહાર શું વસતમાં અનગની રંગે રમે
લલનાથી લાના ઉડારે અની અબીલ
ગુલાલ ઉછરંગમા ખુબ ખીલ્યાંરે સખી
નવરંગ અંગમા
કુસુમને કેશર પીચકારી ચોરે ચરરર
વાલમ વીયોગી વામા ચીત બળે ચરરર—ખુબ.
ચાંદની રાતે ચોકમા રમે ન વોઢા નાર
હૃદય ચંદન હાર છે વરથી કરે વીહાર
લાડીલી લલીતા લજવાય પ્રીતમના પ્રસમા રે
આંખલડી અડધી મીચાય જોબન રસ જગમા રે
હસે બસે ખુબથી ભરી લટપટતી લઇ લાગ
મધુરી કોમળ માલની પીએ પીયુ પરાગ
ખેલે રંગ વીવીધ અનગના પનગમા રે
ઘેલા બનો સ્યામા સ્યામા રંગ માણે ઉમગમા
ઝુને ણુગારના તરંગમા રે—ખીની.

ગાયન—૩૩.

પ્રભા—વ્હાલારે વીયોગી હું છું વેલી.
ચંદ્ર—બાળા રે દયે. ચીન્તા સર્વે મેલી
પ્રભા—પ્રેમ ઘેલી વરવા વહેલી આપ પાસે રે ઉભેલી
ચંદ્ર—નાના બાળા
પ્રભા—મેલો ચાળા
ચંદ્ર—બોલ બોલો ના મર માળા
પ્રભા—મને સ્વીકારો
ચંદ્ર—આ શું ઉચારો—વ્હાલા રે.

ગાયન—૩૪.

પ્રભા—આ કાચી કળીની માળા અરપણુવાલા
વાલમ તમને આ તનમન અરપણુ તમને
ન દેશો વીસારી અમને

ચંદ્ર—પ્રેમ કટારી મારી બાળા ચેન પડે નહિ મનને રે
પ્રભા—અરપણુ છે આ જોબન મારૂ સુંદરી રાખો શરણે રે
તમે ઘાયલ કરી છે મારૂં ચીતડું હરી
ચંદ્ર—બાળા પ્રેમમાંહી બાંધી આવુ બોલો ના જરી
પ્રભા—નટવર નાજુક વાહ નાવલીયા ભરમાવી
આ બાળાને
ચંદ્ર—કાળજું લીધુ કોરી સુન્દરી ઠીક કરી અનુસારા રે.

ગાયન—૩૫.

ચંદ્ર—રસીક સલુણી આવો રે
આવો શરમાવો ન લાવો ઉડાવો પીડાને સમાવોને રે.
પ્રભા—સઘન અગન મદ બદન છુપાતાં હસો
રમો વ્હાલા ધરી પ્યાર પ્યાર પ્યાર
ચંદ્ર—વાવા વ્હાલી રતી શ્રામી સતી શ્રી આ નાર
પ્રભા—ઇંદ્રિ ચંદ્ર કામરૂપ—શ્યામ સ્વામ સ્યામ
ચંદ્ર—સતી લ્યો આનંદ સંગ શ્યામ કામ ધામ
પ્રભા—પીયુ હો પીયુજી પ્રેમ—જામ જામ જામ—આવો.
ચંદ્ર—ગંગા ગુણુની નીર્મળી પવીત્રા ગીરસપાંન
અર્ધાંગા સંગે મળી તીર્થો અન્ય નકામ—આવો.

ગાયન—૩૬.

વાંણીએણુ—ચતુર મારા ચાલો જમી લ્યો ઉમંગે
જમી લ્યો ઉમંગે રમી લ્યોને રંગે—ચતુર.
યાર મારા સુંદર પરણ્યો છે પીટયો બંદર.
ખવાસ—જોડ જુગલ જામી છે શીઆ પ્રસંગે—ચતુર.
હું મસ્ત જોબન માતી છે કઠણુ કુચ છાતી.
ચાલ ચાલ જમીએ જોબનના તરંગે—ચતુર.

ગાયન—૩૭.

વાંણીઓ—ભુલ્યો ભુલ્યો પ્યારી પાએ લાગતો
જોને હું તો પાએ પડી માફી માગતો
વાંણીએણુ—બોલો બોલો કાંઇ કરી વીચાર
મને શું ધારી એવી છટકેલી નાર
વાંણીઓ—ના ના વ્હાલી મારા હૈયાનો હાર
મારે રંગીલી તુ મહીનો સાર—ભુલ્યો.

વાંણીઓ—લોકો આ તમાશો જુવે રાખો કાંઇ શાંન.
વાંણીઓ—દુનીઆં કેવી અદેખી છે મારા મહેરબાંન
કેમ ખરૂં કે—ભુલ્યો ભુલ્યો.

ગાયન—૩૮.

પ્રભા—અરે ભરથાર હૈયાના હાર ગયા કયા આપ છોડીને
જીવનનું વૃક્ષ જે મારૂં ગયું મુળકે ઉખેડીને—અરે.
પ્રીતમ મુજ તેજ આખોનું હીમત હથીયાર રે મારૂં
નીતીની જાળને તોડી ગયા કયાં આપ છોડીને—અરે
વીકટ વનમાં વીખુટી [illegible] કરી વેલીને એ સાર
પ્રભાના ચંદ્ર સ્વામી હા ગયા કયા આપ છોડીને—અરે

અંક ત્રીજો.

ગાયન—૩૯.

પ્રભા—પ્રેમે પ્રભુ ભજુ રે વાલા નાથ તમોને મળવા
પ્યારા પ્રીતમજીરે આવો દાશીના દુઃખ હરવા
પ્રેમ સાગરમાં ભમતી ભામા ધરી શકુના ધીર
સુધી શરીરની સર્વે વીસારી મનડું બન્યુ અધીર—પ્રેમે.
માત નથી અંહિ તાત નથી અને નથી સગું અંહિ કોઇ
પ્રીતમ તમવીણુ કોણુ તારે રખડી મરૂં હું રોઈ—પ્રેમે.

ગાયન—૪૦.

બાદશાહ—તુજપે આશક મેં ખુબ દીલ જાંની
હીંદુવાની કયરી બની નેનોવાલી રૂમ ઝુમ ઝુમ
ઝુમ ઠુમ ઠુમ ચલ તુ બેગમ બની હાં—તુજપે.
તુજ સરદારી મુઝકો પ્યારી કરદે જલ્દી યારી તું
દીલજા મીલજા દીલોજાંની મોહેના દીલબર—તુજ.

ગાયન—૪૧.

પ્રભા—કર્મે કાળાના કરનાર રે મુર્ખ જોને વીચારી મન તારા
મોહા બાહેરના રંગ રૂપાળા રે મુર્ખ જોને વીચારી મન તારા
અબળા છે અગ્નીનો કુંડ અરે
જેમાં સળગે સુંદર રૂપ જ્વાળા.
શુરા સીકંદર ને મહા રાવરાણા
સર્વે છે તેમાં હોમાંણા રે

કાળીકા રૂપે માનો ક્રમીની પરાઈ
જેના ખપરમાં સર્વે ખપાણા
રાવણ રોળાણા દુર્યોધન દબાણા
કીચીક સરખા કુટાણા રે—કર્મ કાળા.

ગાયન—૪૨.

પ્રભા—રખા રાંમ સીતા શુ વીસારી રે.
વારે ધાઓ ધનુષ્ય વીર ધારી.
સતી તમારી વીદેહ કુમારી રહી લંકામાં તમને સંભાળી
સીંધુમાં પથ્થરની પાર્ગ તારી મોક્ષ દીધો રાવણ દુષ્ટ મારી
જાંનકીના કોડ પુર્યા તે વારી હાલ મારી—રખા.

ગાયન—૪૩.

મોકળ—પ્રભુ હદ થાય છે હવે રે ન દુખ સહાએ હવે રે—પ્રભુ.
જળવીણુ મીન મરે તરફડી રે કાયા આ કેમ સહેરે
વીયોગ શરીર દહેરે
માતા વીના હું વન વન રવડું ભુખ દુઃખ દેહ સહેરે
કાયામા ન પ્રમાણુ રહેરે—પ્રભુ.

ગાયન—૪૪.

ચંદ્ર—ગઇ ગુમ થઈ ભરતાનીરે પ્યારીરે મારી
દઈ દુઃખ દીલ દુભાવીરે મુજને વીસારી
વન વન તન ભટકે છે આજ છોડી અનધન સઉ સુખરાજ
કાજ તારે થયો તારાજ ધાજ કારી કર્યો નારાજ
આજથી છોડી સર્વે લાજ ભમીને ભાળ લઉં તારી—ગઇ.

ગાયન—૪૫.

પ્રભા—હમ હય સાધુ સદા ઉદાસી સન્યાસી બનવાસી,
ફીરતે નાથ રટણુ હમ કરતે નાથ દરસ કે પ્યાસી.
જાતે અબકાશી હો પુરન અભીલાસી.
સુંદર સુરત રાજ તુ મારી નહિબન લાયક જાનો
પ્રીય પત્નીકો તુરતહી ભેટો સત બચન અબ માંનો
કષ્ટ સહો હયસે રામ સહે બન જયસે.

ગાયન—૪૬.

પ્રભા—જુઓ જીવન પ્રાણુ હું તે જોગીની કેનારી
હો સ્વામી કોણ હું તે શુ છું કે પ્યારી—જુઓ.

જુલમીથી છોડાવીને દીધું જીવત દાન
ગુણીએલ તવ ગુરૂ બની દીધુ સત્ય ગ્નાન
એજ છું કે અન્ય હીઓ આપ તે વીચારી—જુએ.
જંગલમાં મગમ કરી પરણ્યા પ્રીતી સાથ
મોહનમાળા કંઠમા છે વીંટી મુજ હાથ
નાથ નહી માનજો હું દાસી છુ તમારી—જુએ.

ગાયન—૪૭.

પ્રભા—પીયુજી પધારો પ્રાણુ આધારરે મન મોહન મારા
સુંદરીના છો તમે શણુગારરે
ચંદ્ર—વાહ પ્યારરે........ ....
પ્રભા—ઉર હારરે મન મોહન મારા—પીયુજી.
નટવર નીત નવ નવ રંગે
ચંદ્ર—રસીલી રમશું ઇછરંગે
પ્રભા—રહીશું સલુણા પતી સંગે
ચંદ્ર—ઉચરૂં ધન્ય ભાગ્ય ઉમંગે
પ્રભા—રસીયા વસીયા ઉરમા ઠસીયા સારરે
દીલદારરે મન મોહન મારા—પીયુજી.

ગાયન—૪૮.

મોકળ—મરણુ સમય વ્હાલા શ્રી રાંમ શ્રી રાંમ શ્રી રાંમરે
દ્રૌપતી સતી તારી ગજ ગ્રાહ મારી
અહલ્યા મુની સતીઆ સવરી લે જે ધારી
યમથી માર્કન્ડ ઉગાર્યાં ત્રીસુલધારી વીરદ સભાલો
સતી શી આ સ્યામ શી આ સ્યામ શી આ સ્યામરે—ગ.
હાએ રહ્યા શીર સજ ધરી ખુની
હણુશે પલકમાંહી લજ્યા જશે આપની
કોણુ સમરશે પછી ધન સ્યામ ધન સ્યામ ધન સ્યામ રે-દ્રૌ.

ગાયન—૪૯.

વાંણીઓ—ભગા ભાઇનાં લગન આવે લગન આવે રે
લગનમાં તો આવે લોકો વરને જોઇને મુકે પોકો
વર રાજા તો બહુ ફાંકડાં લટકે ચાલે જાણે વાંકડા
જીવતાં હે ગયાં લાકડાં મુવામાં નવી થયા માંકડાં—ભગા ભાઇ

ગાયન—૫૦.

જાથા—દુખની વીજળી એ કુમળી કળદાહી
વેલી ધન વન દવથી દુભાઇ હાય હૈયું ચીરાય—દુઃખ.
જુલમી યોધાના જુલમમાં હું અંજાઇ
તજયો ચંદ્ર ચીતોડરે ભાઈ રાજ્ય લીધું સ્વહાથ—દુઃખ
કંસ કસાઇ ક્રુર એ જાન લેવા
મારા મોકલ્યા રાન અરે હા જન્મ્યાં ત્યાંથી અનાથ—દુઃખ.
વત્સ વીયોગી માતરેઅર્પી મારી
વેરી વેસ્યા અવાસ ફસાઇ ખુની કાયા આ હાથ—દુઃખ.
પુત્ર મોકળ વ્હાલા ચંદ્ર વીનરેન રડતી
પાપી કાયા આશે નથી પડતી ક્ષણુ ક્ષણુમાં રીબાય—દુઃખ

ગાયન—૫૧.

જાથા—વંદીએ સર્વે કુમારી વીભુ કૃપાળ શ્રી પ્રભુ
સત્ય ન્યાય નીતીને સહાય ઇશ તુ
સત્યથી સુખ મળે પાપ ટળે એ દુખ જગતનું
સર્વથી સજ્જનતા સરલતા ભુષણુ નર તણુ
ધર્મને સુખ ધર્મ છે અધર્મી દુખ પામનાર
સત્યને શું કર્મ શર્મ સુર્ય જ્યાં પ્રકાશનાર
કુકર્મ ને અધર્મ અંધકાર અંતે ભાગનાર
સ્મૃતિ ને શ્રુતી ગુરૂના વાકયો લક્ષ રાખનાર
અચળ સુખી થનાર—વંદીએ.

સમાપ્ત.